અપીલ અરજી નં.૧૬૯ તા.૧૫–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.નં.૩૩ ફા. પ્લોટ નં. ૧૩ ડ્રાફટ ૮વાળા બાંધકામ સંદર્ભમાં ગુજરાત સરકાર ધ્વારા જારી કરેલ ગેઝેટ, પરીપત્ર,મુજબ ટી.પી. સ્કીમ રદ, કેન્સલ, સ્થગીત કરી હોવાથી થયેલ અને ચાલુ રહેલ બાંધકામના અગાઉના પ્લાન તથા ફેરફાર થયેલ પ્લાનની સંપૂર્ણ માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૯/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.નં.૩૩ ફા. પ્લોટ નં. ૧૩ ડ્રાફટ ૮ વાળા બાંધકામ સંદર્ભમાં ગુજરાત સરકાર ધ્વારા જારી કરેલ ગેઝેટ, પરીપત્ર,મુજબ ટી.પી. સ્કીમ રદ, કેન્સલ, સ્થગિત કરી હોવાથી થયેલ અને ચાલુ રહેલ બાંધકામના અગાઉના પ્લાન તથા ફેરફાર થયેલ પ્લાનની સંપૂર્ણ માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૦ તા.૨૬–૭–૧૧ થી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૨૧ તા.૫–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૧૭ તા.૨–૬–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૫૫ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૬–૧૧ ની અરજીથી ટીપી નં.૩૩ ફા.પ્લોટ નં.૧૩ ડ્રાફટ નં.૮ વાળા રાહુલરાજ ટેક્ષ. સીટીના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૧૭ તા.૨–૬–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રત્યુત્તર ન આપવાના કારણે નારાજ થઈ તા.૧૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.ટીડીઓ/૧૫૫ તા.૧૫–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૫ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ટી.પી.નં.૩૩ ફા. પ્લોટ નં. ૧૩ ડ્રાફટ ૮વાળા બાંધકામ સંદર્ભમાં ગુજરાત સરકાર ધ્વારા જારી કરેલ ગેઝેટ, પરીપત્ર,મુજબ ટી.પી. સ્કીમ રદ, કેન્સલ, સ્થગિત કરી હોવાથી થયેલ અને ચાલુ રહેલ બાંધકામના અગાઉના પ્લાન તથા ફેરફાર થયેલ પ્લાનની સંપૂર્ણ માહિતી વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કત સંદર્ભે ફેરફાર થયેલ અને ચાલુ રહેલ બાંધકામના અગાઉના પ્લાન તથા ફેરફાર થયેલ પ્લાનની માહિતીની માંગણી કરેલ છે. જે અસ્પષ્ટ હોય , સદર બાબતે સ્પષ્ટતા કર્યેથી શહેર વિકાસ કક્ષાએથી માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ ટી પી. ડ્રાફટ , રદ, કેન્સલ સ્થગિત થયેલ હોવાથી જુના પ્લાન તથા ગેઝેટ પરીપત્ર પછી આ બાંધકામમાં નિયમો અને કાયદેસરતા બાબતે થયેલા ફેરફાર પછી પ્લાન સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ મુદ્દામાં આપ શું માહિતી માંગો છો તે સ્પષ્ટ થતું ન હોય તેની સ્પષ્ટતા કર્યેથી શહેર વિકાસ કક્ષાએથી માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ કાયદાની જોગવાઈ અને નિતી નિયમો મુજબ ટીપી ડ્રાફટ રદ, કેન્સલ, સ્થગિત થઈ હોય તેવા સંજોગોમાં બાંધકામમાં અને તેના પ્લાનમાં જે ફેરફારો કરવા જોઈએ તે ફેરફાર કર્યા હોય કે ન કર્યા હોય તેની તમામ નિતિ નિયમોની અને સરકારના ગેઝેટ પરપત્રની ઘોર અવગણના થઈ હોય તેની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુદ્દામાં જણાવ્યા મુજબની કોઈ ઘોર અવગણના થયેલ ન હોય તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ તથા આ ગેઝેટ પરીપત્ર પછી આ બાંધકામમાં જે ફેરફાર થવા જોઈએ

તે ન થયા હોય તો જેની જવાબદારી ફેરફાર કરાવવાની થાય તેવા જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિત સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દામાં માંગેલ વિગતો અસ્પષ્ટ હોય તેની સ્પષ્ટતા કર્યેથી માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ પ્રથમ બો.પ્રો.મ્યુ. કો. એકટની કલમ–૨૬૦ નોટીસ આપી હોય કે આ એકટની કલમ–૪૭૮(૧) મુજબ કે અન્ય નોટીસ આપી હોય કે તેના જવાબો રજૂ થયા હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કલમ–૨૬૦ તથા ૪૭૮ (૧) મુજબ નોટીસ આપેલ તથા તે સંદર્ભે રજૂ થયેલ જવાબોની નકલો મેળવવા પ્રતિ નકલના રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૨૧ ના રૂા.૪૨/– (અંકે રૂપિયા બેતાળીસ પુરા) શહેર વિકાસ વિભાગની કચેરીએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગે અરજદારે મુદ્દા નં.૫ માં માંગેલી નકલો અંગે નકલ ફી પેટે રૂા.૪૨/– રસીદ નં.૩૧૨૪૩૨ થી ભરપાઈ કરેલ છે અને તેઓને માંગ્યા મુજબની નકલો આપવામાં આવેલ છે. તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ અરજદારની માંગેલ માહિતી નિયત સમય અવધિ બાદ પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સમય મર્યાદામાં આપેલ ન હોઈ વિના મૂલ્યે માંગણીની રજૂઆત કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી ના પત્ર નં.ટીડીઓ/૧૫૫ તા.૧૫–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ પાઠવવા આવેલ છતાં અરજદાર પાસે નકલ ફી ભરી માહિતી મેળવવાનું જણાવવામાં આવેલ છે. જે આરટીઆઈ કાયદાની કલા–૭(૬) સાથે સુસંગત નથી. તેથી આવી માહિતી અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવાની રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧/૬/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ બાબતે અરજી ફી ની તારીખથી દસ્તાવેજ ફી ભરવા જણાવતો સમય અવધિ બહારનો પત્ર ધ્યાને લેતાં તે અંગે પણ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની જોગવાઈ અનુસરી તેની જાણ અત્રે કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૧ થી ૪ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ મુજબ ઘટિત સ્પષ્ટતા દિન–૭ માં કરી તેવી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદાર કક્ષાએથી તેવી સ્પષ્ટતા મળ્યે વિલંબિત પ્રત્યુત્તર ધ્યાને લેતાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિભાગ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ